# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરની યાદી જણાવે છે કે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની આગામી માર્ચ-૨૦૧૯ની પરીક્ષાના તા.૦૮/૦૩/૨૦૧૯ અને તા.૦૯/૦૩/૨૦૧૯ના કાર્યક્રમમાં અંશતઃ ફેરફાર થયેલ છે. અગાઉના કાર્યક્રમમાં તા.૦૮/૦૩/૨૦૧૯ના રોજ બપોરના ૩:૦૦ થી ૬:૧૫ના સમયગાળામાં તત્વજ્ઞાન વિષયની પરીક્ષા હતી, તે વિષયની પરીક્ષા હવે તા.૦૯/૦૩/૨૦૧૯ના રોજ તે જ સમય દરમ્યાન લેવામાં આવશે. અને અગાઉના કાર્યક્રમમાં તા.૦૯/૦૩/૨૦૧૯ના રોજ બપોરના ૩:૦૦ થી ૬:૧૫ના સમયગાળામાં આંકડાશાસ્ત્ર વિષયની પરીક્ષા હતી તે વિષયની પરીક્ષા તા.૦૮/૦૩/૨૦૧૯ના રોજ તે જ સમય દરમ્યાન લેવામાં આવશે.

પરીક્ષાનો નવો કાર્યક્રમ બોર્ડની વેબસાઇટ www.gseb.org ઉપર મુકવામાં આવેલ છે. જેની આચાર્યશ્રીઓ,શિક્ષકો, વાલીઓ,વિદ્યાર્થીઓ અને સંબંધિત તમામે નોંધ લેવી.

સ્થળ:-ગાંધીનગર

તારીખ:-૦૫/૦૧/૨૦૧૯

નાયબ નિયામક (પરીક્ષા)

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

ગાંધીનગર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ - ગાંધીનગર

## SSCE & HSCE માર્ચ-2019 ની પરીક્ષાનો કાર્યક્રમ (OLD / NEW)

## માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (SSCE) ધોરણ-10

| તારીખ/વાર | વિષય અને ઈન્ડેક્ષ નંબર તેમજ સમય 10-00 am to 13-20 pm | | | |
|---|---|---|---|---|
| 07-03-2019<br>ગુરૂવાર | ગુજરાતી (પ્રથમ ભાષા) (01)<br>હિન્દી (પ્રથમ ભાષા) (02)<br>મરાઠી (પ્રથમ ભાષા) (03)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (04)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (05)<br>સિંધી (પ્રથમ ભાષા) (06)<br>તામિલ (પ્રથમ ભાષા) (07)<br>તેલુગુ (પ્રથમ ભાષા) (08)<br>ઉડિયા (પ્રથમ ભાષા) (09) | | | |
| 09-03-2019<br>શનિવાર | વિજ્ઞાન અને ટેક્નોલોજી (11) | | | |
| 12-03-2019<br>મંગળવાર | ગણિત (12) | | | |
| 14-03-2019<br>ગુરૂવાર | સામાજિક વિજ્ઞાન (10) | | | |
| 16-03-2019<br>શનિવાર | અંગ્રેજી (દ્વિતીય ભાષા) (16) | | | |
| 18-03-2019<br>સોમવાર | ગુજરાતી (દ્વિતીય ભાષા) (13) | | | |
| 19-03-2019<br>મંગળવાર | હિન્દી (દ્વિતીય ભાષા) (14)<br>સિંધી (દ્વિતીય ભાષા) (15)<br>સંસ્કૃત (દ્વિતીય ભાષા) (17)<br>ફારસી (દ્વિતીય ભાષા) (19)<br>અરબી (દ્વિતીય ભાષા) (20)<br>ઉર્દૂ (દ્વિતીય ભાષા) (21) | # હેલ્થકેર (41)<br># બ્યુટી એન્ડ વેલનેશ (42)<br># ટ્રાવેલ ટુરીઝમ (43)<br># રીટેઈલ (44) | | |

# RMSA પ્રોજેકટની 20 શાળાઓને ફાળવેલ વિષય ઈન્ડેક્ષ નંબર 41 થી 44 ની પરીક્ષાનું પ્રશ્નપત્ર 30 ગુણનું રહેશે. જે એક કલાકમાં લખવાનું રહેશે.

- તમામ વિષયોની પરીક્ષા બે ભાગમાં લેવામાં આવશે.
- પ્રથમ ભાગમાં પ્રશ્નપત્રનો PART-A કે જેમાં બહુવિકલ્પ પ્રકારના (OMR પદ્ધતિથી) 50 પ્રશ્નો હશે અને તેમાં કુલ ગુણ 50 તથા તેનો સમગાળો 60 મિનિટનો રહેશે.
- બીજા ભાગમાં પ્રશ્નપત્ર PART-B રહેશે જેમાં બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ પરિરૂપ મુજબ વર્ણનાત્મક (ટૂંક જવાબી, લાંબા અને નિબંધ) પ્રકારના પ્રશ્નો રહેશે.
- દરેક પ્રશ્નપત્રમાં 10-00 થી 10-15 નો સમય OMR પર વિગતો ભરવા તથા PART-A તથા PART-B ના વાંચન માટે આપવામાં આવશે.
- જ્યારે 10-15 થી 11-15 નો સમય OMR માં PART-A ના જવાબો લખવા માટે આપવામાં આવશે.
- 11-15 થી 11-20 દરમ્યાન PART-A ની OMR એકત્રિત કરવા તથા PART-B માટે ઉત્તરવહી તથા બારકોડ સ્ટીકરનું વિતરણ કરવાનું રહેશે.
- 11-20 થી 13-20નો સમય PART-B ઉત્તરવહીમાં જવાબો લખવા માટે આપવામાં આવશે.
- 13-20 કલાકે પરીક્ષા પૂર્ણ થશે.
- વૈકલ્પિક વિષયો 22 થી 40 ની પરીક્ષા શાળાએ ફેબ્રુઆરી માસમાં લેવામાં આવશે.

**નોંધ : એસ.એસ.સી. માર્ચ 2018 પહેલાંના રીપીટર વિદ્યાર્થીઓ માટે વિષય ક્રમાંક 01, 02, 03, 04, 05, 06 અને 10, 13, 14, 16 માટે જૂના અભ્યાસક્રમ મુજબ પરીક્ષા લેવામાં આવશે.**

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (HSCE) ધોરણ-12

### સામાન્ય પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહનો કાર્યક્રમ

| તારીખ/વાર | સમય 10-30 AM to 1-45 PM | સમય 3-00 PM to 6-15 PM |
|---|---|---|
| 07-03-2019<br>ગુરૂવાર | સહકાર પંચાયત (111) | નામાનાં મૂળ તત્ત્વો (154) |
| 08-03-2019<br>શુક્રવાર | ઈતિહાસ (029) | આંકડાશાસ્ત્ર (135) |
| 09-03-2019<br>શનિવાર | કૃષિ વિદ્યા (060)<br>ગૃહજીવન વિદ્યા (068)<br>વસ્ત્ર વિદ્યા (076)<br>પશુપાલન અને ડેરી વિજ્ઞાન (080)<br>વનવિદ્યા અને વનઔષધી વિદ્યા (351) | તત્ત્વજ્ઞાન (136) |
| 11-03-2019<br>સોમવાર | સેક્રેટરીયલ પ્રેક્ટિસ અને વાણિજ્ય વ્યવહાર (337) | ભૂગોળ (148) |
| 12-03-2019<br>મંગળવાર | | અર્થશાસ્ત્ર (022) |
| 13-03-2019<br>બુધવાર | સામાજિક વિજ્ઞાન (058) | વાણિજ્ય વ્યવસ્થા (046) |
| 14-03-2019<br>ગુરૂવાર | | મનોવિજ્ઞાન (141) |
| 15-03-2019<br>શુક્રવાર | * સંગીત સૈદ્ધાંતિક (146) | ગુજરાતી (પ્રથમ ભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) |
| 16-03-2019<br>શનિવાર | | હિન્દી (દ્વિતીય ભાષા) (009) |
| 18-03-2019<br>સોમવાર | | ગુજરાતી (દ્વિતીય ભાષા) (008)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013) |
| 19-03-2019<br>મંગળવાર | ચિત્રકામ સૈદ્ધાંતિક (137)<br>ચિત્રકામ પ્રાયોગિક (138) | **કમ્પ્યૂટર પરિચય (331) |
| 22-03-2019<br>શુક્રવાર | | સંસ્કૃત (129)<br>ફારસી (130)<br>અરબી (131)<br>પ્રાકૃત (132) |
| 23-03-2019<br>શનિવાર | રાજ્યશાસ્ત્ર (023) | સમાજશાસ્ત્ર (139) |

### વ્યવસાયલક્ષી પ્રવાહનો કાર્યક્રમ

**સમય 3-00 PM to 6-15 PM**

| તારીખ/વાર | કૃષિ જૂથ - A | વાણિજ્ય જૂથ - C | ગૃહવિજ્ઞાન જૂથ - H | તાંત્રિક જૂથ - T |
|---|---|---|---|---|
| 13-03-2019<br>બુધવાર | ઉદ્યોગ સાહસિકતા (આંત્રપ્રિન્યરશીપ) (156) | ઉદ્યોગ સાહસિકતા (આંત્રપ્રિન્યરશીપ) (156) | ઉદ્યોગ સાહસિકતા (આંત્રપ્રિન્યરશીપ) (156) | ઉદ્યોગ સાહસિકતા (આંત્રપ્રિન્યરશીપ) (156) |
| 14-03-2019<br>ગુરૂવાર | પાક-1 (165)<br>પશુ સંબંધિત કૃત્રિમ બીજદાન દુગ્ધસ્રાવ (171) | કચેરી કાર્યપદ્ધતિ અને વ્યવહાર (179)<br>કચેરી કાર્યપદ્ધતિ અને કચેરી પત્રવ્યવહાર (185)<br>એકાઉન્ટન્સી એન્ડ ઓડિટિંગ પેપર-1 (203) | એડવાન્સ હાઉસકિપિંગ (217)<br>ફુડપ્રોસેસિંગ (223)<br>પેટર્ન મેકિંગ (235)<br>વૃદ્ધિ અને વિકાસ (247) | મિકેનીકલ ટેક્નોલોજી (291)<br>મેન્ટેનન્સ રીપેર્સ ઓફ મોટર્સ એન્ડ ડોમેસ્ટિક એપ્લાયન્સ (303)<br>સિસ્ટમ એનાલિસીસ એન્ડ ડિઝાઈન (325) |
| 15-03-2019<br>શુક્રવાર | ગુજરાતી (પ્રથમભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) | ગુજરાતી (પ્રથમભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) | ગુજરાતી (પ્રથમભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) | ગુજરાતી (પ્રથમભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) |
| 16-03-2019<br>શનિવાર | હિન્દી (દ્વિતીય ભાષા) (009) | હિન્દી (દ્વિતીય ભાષા) (009) | હિન્દી (દ્વિતીય ભાષા) (009) | હિન્દી (દ્વિતીય ભાષા) (009) |
| 18-03-2019<br>સોમવાર | અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013)<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) (008) | અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013)<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) (008) | અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013)<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) (008) | અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013)<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) (008) |
| 19-03-2019<br>મંગળવાર | જીવવિજ્ઞાન અને કૃષિ રસાયણ શાસ્ત્ર (158) | અર્થશાસ્ત્ર અને વાણિજ્ય સંચાલન (178) | સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર (216) | પદાર્થ વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર (254) |
| 22-03-2019<br>શુક્રવાર | પાક-2 (167)<br>દૂધ-દૂધની બનાવટો (173) | ગુજરાતી મુદ્રાલેખન (181)<br>અંગ્રેજી/ગુજરાતી મુદ્રાલેખન (187)<br>એકાઉન્ટન્સી એન્ડ ઑડિટિંગ પેપર-2 (205) | ઈન્ટીરીયર ડેકોરેશન (219)<br>પ્લાન્ટ મેનેજમેન્ટ એન્ડ ફૂડ પેકેજિંગ (225)<br>અદ્યતન કપડાં રચના (237)<br>વ્યવસ્થા અને સંચાલન (249) | ઓટોમોબાઈલ એન્જિ. ટેક્નિશિયન (293)<br>મોટર રિવાઈન્ડિંગ પ્રેક્ટિસ (305)<br>કમ્પ્યૂટર એપ્લિકેશન (327) |
| 23-03-2019<br>શનિવાર | ક્ષેત્ર વ્યવસ્થા અને વિસ્તરણ (169)<br>ડેરી વિસ્તરણ અને આર્થિક નામાપદ્ધતિ (175) | પત્રવ્યવહાર અને મુસદ્દાલેખન (183)<br>અંગ્રેજી/ગુજરાતી લઘુલિપિ (189)<br>એકાઉન્ટન્સી એન્ડ ઓડિટિંગ પેપર-3 (207) | સોશિયલ સ્કીલ્સ રિપોર્ટેબલ મેટર્સ (221)<br>બેકરી એન્ડ કન્ફેક્શનરી (227)<br>કલાત્મક પોષાક સંરચના (239)<br>આહાર, પોષણ અને તંદુરસ્તી (251) | રૂરલ એન્જિનિયરિંગ ટેક્નોલોજી (295)<br>મોટર કન્ટ્રોલ એન્ડ ટેસ્ટિંગ (307)<br>પ્રોગ્રામિંગ લેંગ્વેજ (329) |

**ખાસ સૂચના :**

(૧) સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુ. પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ ધોરણ-12 ના માર્ચ-2018 પહેલાંના રીપીટર વિદ્યાર્થીઓને વિષયક્રમાંક 001, 002, 003, 004, 005,006, 008, 009, 013, 022, 023, 029, 046, 129, 135, 136, 137/138, 139, 141, 146, 148, 154 અને 337 માટે જૂના અભ્યાસક્રમ મુજબ પરીક્ષા લેવામાં આવશે જેની નોંધ લેવી.

(૨) એચ.એસ.સી. ઉમેદવારો માટે :- દરેક પ્રશ્નપત્રમાં 15 મિનિટનો સમય વધુ ફાળવવામાં આવશે. જે દરમિયાન ઉમેદવારે ઉત્તરવહી ઉપરની વિગતો ભરવા માટે 05 મિનિટ અને 10 મિનિટ પ્રશ્નપત્ર વાંચવા માટે ફાળવવામાં આવશે અને ઉત્તરો લખવા માટે નિયમોનુસાર સમય 1 કલાક / 2 કલાક / 3 કલાક આપવામાં આવશે. (10-30 થી 1-45 ના સમયના પ્રશ્નપત્ર માટે 10-30 થી 10-45 ઉત્તરવહી ઉપરની વિગતો ભરવા અને પ્રશ્નપત્ર વાંચવા માટે આપવામાં આવશે. જ્યારે 10-45 થી 1-45 નો સમય ઉત્તરવહી લખવા માટે રહેશે. તે જ રીતે 3-00 થી 6-15 ના સમય માટે 3-15 થી 6-15 નો સમય ઉત્તરવહી લખવા માટેનો રહેશે.)

## ધોરણ-12 ના પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ

(1) પરીક્ષાર્થીઓએ પોતે જે માધ્યમમાં ઉત્તરો લખવાનાં છે તે ભાષાના કોડ નંબર તેમજ લીધેલા વિષયોના કોડ નંબર તથા તે વિષયોની પરીક્ષાની તારીખ, વાર અને સમય બાબતે પોતાની શાળામાંથી સંપૂર્ણ માર્ગદર્શન મેળવી લેવું.

(2) પરીક્ષાર્થીએ પોતાની મુખ્ય ઉત્તરવહી ઉપર વિષયના નામની આગળ પ્રશ્નપત્રમાં દર્શાવેલ વિષય કોડ નંબર અવશ્ય લખવો, પરંતુ ઉત્તરવહીના મુખ્ય પાના ઉપર કોઈ પણ પ્રકારની ઓળખ નિશાની કરવી નહીં.

(3) પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના 30 મિનિટ અગાઉ પરીક્ષા સ્થળે અચૂક પહોંચી જવું. બાકીના દિવસોએ પરીક્ષા શરૂ થવાના 20 મિનિટ અગાઉ હાજર રહેવું. જે ઉમેદવારો પેપર શરૂ થયા બાદ અડધો કલાકથી મોડા પરીક્ષા સ્થળ ઉપર આવશે તેમને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

(4) OMR ઉત્તરપત્રિકામાં યોગ્ય ખરા વર્તુળને પૂર્ણ કરવા ફક્ત કાળી / ભૂરી બોલપેનનો ઉપયોગ કરવાનો રહેશે.

(5) પ્રશ્નપત્રને લગતું કોઈ પણ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ તેમજ મોબાઈલ ફોન, ડિજિટલ ઘડિયાળ જેવા ઈલેક્ટ્રોનિક સાધનો વગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવાની મનાઈ છે. પરંતુ સાદુ કેલ્ક્યુલેટર સાથે લઈ જવાની છૂટ રહેશે. તેમ છતાં પરીક્ષાર્થી પાસે પરીક્ષા શરૂ થયા બાદ નિરીક્ષણ દરમિયાન કોઈ પણ સાહિત્ય મળશે, તો તેમની સામે ગેરરીતિનો કેસ નોંધવામાં આવશે અને શિક્ષાને પાત્ર જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષા ખંડમાં પ્રવેશિકા સિવાય કોઈ પણ પ્રકારનું હાથે લખેલું કે છાપેલું સાહિત્ય પરીક્ષાર્થી પાસેથી મળશે તો ગેરરીતિનો કિસ્સો નોંધવા માટે તેને પૂરતા પુરાવા માનવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.

(6) પરીક્ષાના આ કાર્યક્રમમાં જે વિષય /વિષયોનો સમાવેશ કરેલ છે તે પૈકી શાળાના કોઈ વિદ્યાર્થીને ૩ કલાકના નક્કી કરેલ એક જ સમયે (એક જ સેશનમાં) એક કરતાં વધુ વિષયોની પરીક્ષા આપવાની થતી હોય અથવા કોઈ વિષય/ વિષયોનો આ કાર્યક્રમમાં સમાવેશ થયેલ ન હોય તો આ બાબતની શાળાના રેકર્ડ સાથે ચકાસણી કરી શાળાએ જૂથ યોજના મુજબના જ વિષયો આવેદનપત્રોમાં દર્શાવેલ હોય તો બોર્ડની કચેરીને તાત્કાલિક લેખિત જાણ કરવી. પરીક્ષા બાદ કોઈ રજૂઆત ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(7) **એચ.એસ.સી.ના સામાજિક વિજ્ઞાન (058)ની પરીક્ષા તા. 13-03-2019ના રોજ 10-30 થી 1-45 દરમિયાન લેવાશે.**

(8) સામાન્ય પ્રવાહના સંગીત પ્રાયોગિક (147) વિષયની **પ્રાયોગિક પરીક્ષા શાળાઓ દ્વારા લેવાની રહેશે અને તેના ગુણ શાળાઓને ON LINE તા. 07-03-2019 સુધીમાં બોર્ડને મોકલી આપવાના રહેશે.**

(9) વ્યવસાયલક્ષી પ્રવાહના કૃષિ, કોમર્સ, ગૃહ વિજ્ઞાન અને તાંત્રિક જૂથના પ્રાયોગિક પરીક્ષાના વિષયોની પ્રાયોગિક તથા ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના પ્રાયોગિક પરીક્ષાના વિષયોની પરીક્ષાઓ સંબંધિત શાળાઓ દ્વારા લેવામાં આવશે. આવી શાળાઓ પોતાની શાળાના પરીક્ષાર્થીઓને પુરતા સમય અગાઉ કાર્યક્રમની જાણ કરવાની રહેશે. **તેના ગુણ પણ શાળાઓએ ON LINE તા. 07-03-2019 સુધીમાં બોર્ડને મોકલી આપવાના રહેશે.**

(10) સિંધી ભાષાના પ્રશ્નપત્ર (005) વિષય કોડના પ્રશ્નપત્રના ઉત્તરો સિંધી દેવનાગરી અથવા સિંધી એરેબિક લિપિમાં લખી શકાશે.

(11) તમામ પ્રવાહોના કમ્પ્યૂટર પરિચય વિષયની પ્રાયોગિક પરીક્ષા સંબંધિત શાળા દ્વારા લેવામાં આવશે. શાળાઓએ તેની જાણ વિદ્યાર્થીને કરવાની રહેશે. **તેના ગુણ પણ શાળાઓએ ON LINE તા. 07-03-2019 સુધીમાં બોર્ડને મોકલી આપવાના રહેશે.**

(12) *ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર સંગીત સૈદ્ધાંતિક (146) વિષયની પરીક્ષાનો સમય 10-30 થી 12-45 નો રહેશે.

(13) ** ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર કમ્પ્યૂટર પરિચય (331) વિષયની સૈદ્ધાંતિક પરીક્ષા OMR જવાબવહીથી લેવામાં આવશે. જેનો સમય 3-00 થી 5-15 નો રહેશે.

**(બી. એ. ચૌધરી)**
ઈન. પરીક્ષા સચિવ
ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ
ગાંધીનગર
(SSC)

**(ડૉ. અવનીબા મોરી)**
પરીક્ષા સચિવ
ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ
ગાંધીનગર
(HSC)